# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 25-03-2024 સાંજે : 7.10 થી 7.20

વાર : સોમવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- ચૂંટણી પંચે રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને આદર્શ આચારસંહિતાના કડક પાલન માટે માર્ગદર્શિકા જાહેર કરી - ચૂંટણી સંબંધિત ફરિયાદના નિવારણ માટે કંટ્રોલરૂમ પણ શરૂ કરાયો
- ચૂંટણી પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને મતદાર યાદી અને ચૂંટણી સામગ્રી માટે કાગળનો ઉપયોગ ઓછો કરવા માટે નિર્દેશો જારી કર્યા
- ગુજરાતનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર અમદાવાદ ખાતે શરૂ થશે.
- રંગોના પર્વ ધૂળેટીની રાજયભરમાં હર્ષોલ્લાસ ધાર્મિક આસ્થા અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી
- હવામાન વિભાગે રાજયમાં આગામી પાંચ દિવસ તાપમાનનો પારો ડિગ્રી 40 સેલ્સિયસ સુધી પહોચવાની સંભાવના વ્યક્ત કરી

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## GUJARAT STATE PROFILE-1

ચૂંટણી પંચે રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને આદર્શ આચારસંહિતાના કડક પાલન માટે માર્ગદર્શિકા આપી છે. ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદના નિવારણ માટે ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં

આવ્યો છે. ચૂંટણી ખર્ચ પર નજર રાખવા અને નિયંત્રણ કરવા માટે રાજ્યભરમાં ફ્લાઈંગ સ્કવોડ પણ તૈનાત કરવામાં આવી છે. વધુને વધુ લોકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે અને ખાસ કરીને યુવા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા વ્યાપક જનજાગૃતિના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. ગીરના જંગલ જેવા અંતરિયાળ વિસ્તારો કે આલિયા બેટ, શિયાળ બેટ જેવા પાણીથી ઘેરાયેલા વિસ્તારોમાં પણ મતદારો માટે ખાસ મતદાન મથકો ઉભા કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો માટે 7 મેના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. પાંચ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી પણ એ જ દિવસે યોજાશે.

12મી એપ્રિલે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ 19 એપ્રિલ છે. ઉમેદવારો 22મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકશે. ચૂંટણીના પરિણામો ચોથી જૂને જાહેર થશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે રાજ્યમાં 50 હજાર 677 મતદાન મથકો પર મતદાન થશે. રાજ્યના 4 કરોડ 94 લાખ 49 હજારથી વધુ મતદારો તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરશે, જેમાં આશરે 10 હજાર 322 શતાબ્દી મતદારોનો સમાવેશ થાય છે. આ સામાન્ય ચૂંટણીમાં રાજ્યના લગભગ 11 લાખ 32 હજાર 880 યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી ભારતીએ જણાવ્યું હતું કે રાજ્યમાં 1 હજાર 274 મતદાન મથકો હશે જ્યાં સમગ્ર મતદાન સ્ટાફ મહિલાઓ હશે. તેવી જ રીતે 182 મતદાન મથકો પર દિવ્યાંગ લોકો દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. તેમણે કહ્યું કે રાજ્યમાં 25 હજારથી વધુ મતદાન મથકો પર વેબ કાસ્ટિંગ કરવામાં આવશે.

# ECI - SUSTAINABLE POLLS

ચૂંટણી પંચ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન પર્યાવરણીય રીતે ટકાઉ ચૂંટણીઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને મતદાર યાદી અને ચૂંટણી સામગ્રી માટે કાગળનો ઉપયોગ ઓછો કરવા માટે નિર્દેશો જારી કર્યા છે અને ઈ-બુક્સ અને ઈ-ડોક્યુમેન્ટ્સના ઉપયોગ પર ભાર મૂક્યો છે. આ સાથે ડબલ-સાઇડ પ્રિન્ટિંગ અને લેઆઉટ ઑપ્ટિમાઇઝેશનની ખાતરી કરવા પણ જણાવ્યું છે. પંચે મતદાન દરમિયાન ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર અપનાવવા નિર્દેશો જારી કર્યા છે. પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને ઇકો-ફ્રેન્ડલી ચૂંટણીઓ માટે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન અલગ કલેક્શન ડબ્બાઓ અને યોગ્ય સાઇનેજની ખાતરી કરવા જણાવ્યું છે. દરેક પ્રકારના કચરા માટે પર્યાપ્ત નિકાલની સુવિધા સુનિશ્ચિત કરવી, વાહનવ્યવહાર માટે ઇકો-ફ્રેન્ડલી વાહનોનો ઉપયોગ તેમજ મતદાન દરમિયાન કારપૂલિંગ અને જાહેર પરિવહનને પ્રોત્સાહિત કરવા પણ જણાવાયું છે. પ્રચાર કાર્યક્રમો માટે પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહિત કરવા રાજકીય પક્ષોને નિર્દેશો આપવામાં આવ્યા છે. આ સાથે મતદાન સ્થળોને એકીકૃત કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

# Passport seva Kendra –amdavaad

**ગુજરાતનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર અમદાવાદ ખાતે શરૂ થશે.**

વિદેશ વિભાગ દ્વારા અમદાવાદમાં તપોવન સર્કલ સરદાર પટેલ રિંગ રોડ પર આવેલા અગોરા મોલમાં ગુજરાતનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર બની રહ્યું છે, જેમાં રોજની 1500 અરજીની ક્ષમતા રહેશે.

અમદાવાદના રિઝયોનલ પાસપોર્ટ ઓફિસર અભિજીત શુક્લાએ જણાવ્યું કે ‘ગુજરાતના અનેક જિલ્લાઓ કે અંતરિયાળ ગામોમાં પાસપોર્ટ સેવા કેન્દ્ર કાર્યરત નથી

ત્યાં અરજદારોની પાસપોર્ટની અરજી સબમીટ કરવા 23 પોસ્ટ પાસપોર્ટ સેવા કેન્દ્ર કાર્યરત છે, જેમાં ડોક્યુમેન્ટનું વેરિફિકેશન થતું નથી. એક પાસપોર્ટ સેવા કેન્દ્ર-psk માં પ્રતિદિન 30 અરજીઓ સબમીટ થાય છે તે વધારી પીસીસી સહિત 50 કરી દેવામાં આવી છે. જ્યાં અરજદારો માટે એક જ કાઉન્ટરની વ્યવસ્થા છે. ત્યાં વધારાના કાઉન્ટર ઉપલબ્ધ કરાશે. હાલમાં ભુજ, પાટણ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણામાં આવેલા પાંચ પાસપોર્ટ સેવા કેન્દ્રમાં વધારાના કાઉન્ટ શરૂ કરી દેવાયા છે. આગામી સમયમાં ભુજ ખાતે મીની પાસપોર્ટ સેવા કેન્દ્ર બનાવવાનું પણ આયોજન છે,

ગાંધીનગર, હિંમતનગર, મહેસાણા, પાટણના લોકોને શહેરના સેવા કેન્દ્ર સુધી લાંબા નહીં થવું પડે, તેમજ અમદાવાદનાં 2 કેન્દ્ર વચ્ચે 3 કિ.મીનું અંતર હોવાથી મીઠાખળી સેન્ટર બંધ કરાશે.

## DHULETI UJAVANI-1

રાજયભરમાં આજે ધુળેટી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કાર્યકરો જોડે એકબીજાને રંગ લગાવી ધુળેટીની ઉજવણી કરી હતી. ગાંધીનગર લોકસભા પરિવાર આયોજિત ધુળેટી મહોત્સવમાં ભૂપેન્દ્ર પટેલ અને અમિત શાહે એકબીજાને રંગ લગાવી કાર્યકરો સાથે ધુળેટીની ઉજવણી કરી હતી.

અમિત શાહે દેશના નાગરિકોને ધુળેટીની શુભકામના પાઠવતા જણાવ્યું કે તહેવારો આપણા દેશની ધરોહર સમાન છે. હોળીમાં દરેક ધર્મના લોકો રંગે રંગાય છે.

છોટાઉદેપુર ખાતે આદિવાસી સમાજનો પરંપરાગત રીતે ચૂલનો મેળો ભરાયો. આ મેળામાં હોળાન ધગધગતા અંગારા પર ચાલીને બિમાર બાળકો માટે રાખેલી બાધા પૂરી કરાય છે.

સાળંગપુરધામના કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે સપ્તધનુષ્યના રંગની થીમ ઉપર સાત કલરના ૫૧,૦૦૦ કિલો રંગો દ્વારા ધૂળેટીની હર્ષોલ્લાસ સાથે

ઉજવણી કરવામાં આવી જેમાં 1 લાખથી વધુ ભક્તો આ રંગોત્સવમાં રંગાયા દાદાને હોળી-ધૂળેટીના દિવસે વિશેષ ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ મુખ્ય મંદિર પરિસરને પણ ફુલોથી શુશોભિત કરવામાં આવ્યું. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે 60 જેટલા ઢોલીઓના ઢોલના તાલે ભક્તોએ રાસની રમઝટ બોલાવી- સંતોના સાનિધ્યમાં ભવ્ય રંગોત્સવ ઉજવાયો હતો.

નર્મદામાં હોળી આદિવાસીઓનો મુખ્ય તહેવાર હોવાથી આદિવાસી હોળી નો તહેવાર તેમની પરંપરા અને રીતિરિવાજ માટે જાણીતા છે.

રાજપીપળામાં વર્ષોથી હોળીના તહેવારમાં ઘેરૈયા નૃત્યની રમઝટ બોલાવી શેઠ શાહુકારને ત્યાંથી ઘેર ઉઘરાવવાની આદિવાસીઓની આ સંસ્કૃતિ અને પરંપરા જીવંત રહે તે માટે આદિવાસી સમાજ પુનઃ જાગૃત થયો છે. અમારા પ્રતિનિધિ દિપક જગતાપના જણાવ્યા અનુસાર નસવાડી અને કવાટથી આવેલા 80 કલાકારોની ઘેર મંડળીએ વિવિધ આદિવાસી પોશાક માં સજ્જ થઈ ઘેરૈયા લોકનુત્ય ની રમઝટ બોલાવી હતી.

કચ્છ જિલ્લા માં સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરો માં ફૂલ ડોલ ઉત્સવ ઊજવ્યો હતો. તો અંજાર માં ધુળેટી નાં પર્વ પ્રસંગે રાજા શાહી ના સમય થી ચાલી આવતી ઇશાક ચંદ્ર નાં લગ્નની પરંપરાગત ઉજવણી કરાઇ હતી. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણીએ આ અનોખી લગ્ન પ્રથા 263 વર્ષ થી ચાલતી આવી હોવાનું જણાવ્યું હતું.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે આજે યુવાનોએ મહિલા ના પહેરવેશ ધારણ કરી રંગોત્સવ મનાવ્યો.

પોરબંદરમાં પ્રસિદ્ધ શ્રી હરી મંદિરમાં આજે ફુલો અને અબીલ ગુલાલ સાથે રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

## temperature

રાજ્યમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના કેટલાંક વિસ્તારોમાં આગામી 5 દિવસ સુધી ગરમીનો પારો 39 ડીગ્રી સુધી પહોંચવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

આગામી બે દિવસ રાજકોટ શહેર સહિત જિલ્લામાં હિટવેવની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના દરિયા કાંઠા ના જિલ્લાઓમાં વાતાવરણ ગરમ અને ભેજવાળુ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગે હિટવેવ વાળા વિસ્તારોમાં વૃધ્ધો, બાળકો અને સગર્ભા સ્ત્રીઓને આરોગ્યની સંભાળ લેવા, સુતરાવ કપડા, ટોપી પહેરવા, તેમજ યોગ્ય આહાર લેવાની તાકિદ કરવામાં આવી છે.

રાજયમાં સૌથી વધુ મહત્તમ તાપમાન 39 ડીગ્રી સેલ્સીયસ રાજકોટ ખાતે નોંધાયું અને સૌથી ઓછું 18 ડીગ્રી સેલ્સિયસ તાપમાન નલિયામાં નોંધાયું ઉપરાંત ભૂજ, ડીસા, સુરતમાં 37 ડીગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન 37 સેલ્સિયસ અને લઘુતમ તાપમાન 23 ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## ચોટીલા "મતદાર જાગૃતિ થીમ"

ચોટીલા  ખાતે હોળીના દિવસે "મતદાર જાગૃતિ થીમ" પર "ચોટીલા સ્ટ્રીટ રંગોળી સ્પર્ધા-૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ચોટીલા ખાતે ૧૮ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ આગામી સામાન્ય લોકસભા ચૂંટણી -૨૦૨૪ તથા મતદાર જાગૃતિને લગત થીમ હેઠળ વિવિધ સર્જનાત્મક રંગોળીઓ બનાવી મતદારોને જાગૃત કરવા પ્રયાસો કર્યા હતા. ચોટીલાના રસ્તામાં મતદાન જાગૃતિના આ પ્રયાસે મુલાકાતીઓ અને સ્થાનિકોને આકર્ષ્યા હતા.

પ્રાંત અધિકારી કલ્પેશકુમાર શર્માએ મોટી વય જૂથમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનારને રૂ. ૫૦૦૦, દ્વિતીય ક્રમને રૂ. ૩૦૦૦ અને તૃતીય ક્રમાંકે ઉત્તિર્ણ થનારને

રૂ.૨૦૦૦ તેમજ નાની વય જૂથમાં પ્રથમ ક્રમાંકે ઉતિર્ણ થનારને રૂ.૧૫૦૦, દ્વિતીય ક્રમે ઉતિર્ણ થનારને રૂ.૧૦૦૦, તૃતીય ક્રમે ઉત્તીર્ણ થનારને રૂ.૭૦૦ તથા સ્પર્ધામાં ભાગ લેનાર અન્ય તમામ સ્પર્ધકોને રૂ. ૫૦૦ના રોકડ ઈનામ સહિત પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા